**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૧ ડીગ્રી
લઘુતમ : ૩૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૬ ટકા

# પાટનગર યોજના વિદ્યુત વિભાગ દ્વારા શહેરમાં સતત ચાલતો સેવાયજ્ઞ



ગાંધીનગર, તા.૧૬
પાટનગર યોજના વિદ્યુત વિભાગના કાર્યપાલક ઈજનેર કે. કે. ઓઝાની પ્રેરણાથી તેમના સાથી ઈજનેરો, કર્મચારીઓ તથા મિત્રોની સહાયથી લોકડાઉનની શરૂઆતથી ફુડ પેકેટ તૈયાર કરાવીને લગભગ ચાર દિવસ સુધી સવાર-સાંજ ચારસો જેટલા શ્રમજીવીઓને ભોજન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ એક પરિવારને પંદર દિવસ ચાલે તેટલું સંપૂર્ણ કરીયાણુ ભરેલી ૪૦૦ કીટનું વિતરણ જરૂરીયાતમંદ પરીવારોને કરવામાં આવ્યું હતું અને આ કાર્ય હજુ ચાલી રહ્યું છે. આ કાર્યમાં ચંદ્રકાંત રાવલ, ગિરીશ પ્રજાપતિ, ગૌરાંગ પરાશરનો પૂરતો સહયોગ રહ્યો હતો. આ સેવાકીય પ્રવૃત્તિની જાણ સિવિલ વિભાગના કાર્યપાલક ઈજનેર કે. ડી. પટેલ, ડી. આર. શાહ તથા અન્ય ઈજનેરો અને સિવિલના મિત્રોને થતાં તેમણે પણ ગાંધીનગર સ્થિત ગુરુદ્વારા સંસ્થાની સાથે મળીને લગભગ એક હજાર જેટલા જરૂરીયાત મંદને ભોજન આપવાના સેવા યજ્ઞનો આરંભ કર્યો હતો. જે આજદિન સુધી કાર્યરત છે.

કેપિટલ ઈલેકિટ્રકલ કોન્ટ્રાકટર એસોસિયેશનના મંત્રી ચંદ્રકાત રાવલ દ્વારા આ સેવા સાથે કાર્યરત દરેક કર્મચારીઓ અને મિત્રોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.




શહેરમાં સેવા કાર્યો કાર્યરત છે ત્યારે નગરના કોર્પોરેટર કાર્તિક પટેલ દ્વારા મહાનગરપાલિકાના સહયોગથી વોર્ડ-૬ના કંન્ટેન્મેન્ટ એરિયા સેકટર ૭/ડી, ૭/સી અને ૮/સી ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં સ્થાનિકોએ લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, આવનાર એક અઠવાડિયા સુધી અહી ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.

# ગાંધીનગરના વાવોલની દીકરીએ કુશતીમાં રાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ જીત્યો



ગાંધીનગર, તા. ૧૬
ગાંધીનગરની દીકરી ઝરીના મુસ્તકીમ શેખે તાજેતરમાં હરિયાણા ખાતે રમાયેલ રાષ્ટ્રીય કક્ષાની ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સમાં કુશ્તીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઝરીના શેખ અને તેની બહેન શાઝ શેખ તેમની કુશ્તીના દાવપેચ આમિરખાનની દંગલ અને સલમાન ખાનની સુલ્તાન ફિલ્મમાં પણ દેખાડી ચૂક્યા છે.

હરિયાણાના મધુબન ખાતે તા. ૨૪ થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સ રમાઈ હતી જેમાં ગાંધીનગરના વાવોલ ખાતે રહેતી ૨૪ વર્ષીય ઝરીના શેખે સશસ્ત્ર સીમા બલની ટીમ વતી ભાગ લીધો હતો. રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં હરિયાણા પોલિસે ગોલ્ડ અને આઈટીબીટીની ટીમે સિલ્વર મેડલ જીત્યો હતો જ્યારે ઝરીના શેખ તૃતીય સ્થાને વિજેતા બની હતી. ઝરીનાએ તેની છેલ્લી મેચમાં સિઆરપીએફની મેઘના નામની પ્રતિસ્પર્ધીને ૬-૦ના સ્કોર સાથે ટાઈમઆઉટ કરી હરાવી હતી. ઝરીના ગાંધીનગરની કોમર્સ કોલેજની વિદ્યાર્થિનીએ છે અને અગાઉ સબ જુનિયર કેટેગરીમાં પણ રાષ્ટ્રીય કક્ષાએ મેડલ્સ જીતી ચૂકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઝરીના શેખ ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા – સાઈ સંકુલમાં તેની પ્રકટીસ કરે છે. વળી, ઝરીના શેખ અને તેની બહેન શાઝ શેખ આમિરખાનની દંગલ અને સલમાન ખાનની સુલ્તાન ફિલ્મમાં પણ કામ કરી ચૂક્યા છે.

# શ્રી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા ૭૧ લાખ નવકારમંત્રના જાપનું ભવ્ય આયોજન

ગાંધીનગર,૧૬
હાલ કોરોના ની આ વૈશ્વિક મહામારી માં વૈશ્વિક શાંતિ અને હકારાત્મક એનર્જી પ્રાપ્ત કરવાના શુભ હેતુથી શ્રી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા તા.

૭ મે ના રોજ સવારના ૧૦.૦૦ થી ૧૧.૦૦ દરમિયાન ૭૧ લાખ નવકારમંત્રના જાપ કરવાનું વૈશ્વિક આયોજન કરવામાં આવ્યું છે .જેમાં ૧૬ પૂજય સંતો, ૨૦૦ જેટલા સાધ્વીજીઓ અને ૧૦,૦૦૦ થી વધુ ભાઈઓ, બહેનો અને બાળકો જોડાશે. આ કાર્ય માં ગાંધીનગર સ્થાનકવાસી જૈન સંઘના ૨૨૫ થી વધુ વ્યક્તિઓ જોડાઈ રહ્યા છે.

આ વિશે વધુમાં જણાવતા શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, ગાંધીનગર ના પ્રમુખ આર. ડી ગાંધી જણાવે છે કે,આ જાપથી આધ્યાત્મિક જગતમાં એક નવતર અલૌકિક ઈતિહાસ સર્જાશે. પુણ્યાનુંબંધી પુણ્ય બાંધવાની આ અમુલ્ય તક છે. લાખો - કરોડો નવકારમંત્રના અને પંચ પરમેષ્ઠિના જાપ એક સાથે, એક કલાક સતત કરવાથી આખા લોકાલોકમાં અને ચૌદ રાજલોકમાં જાપનો પ્રશસ્ત ધ્વનિ ગુંજી ઉઠશે. નવકારમંત્રના અખંડ જાપ મહાન કર્મ નિર્જરાનું શુભ કારણ બનશે અને ભારતદેશમાં અને વિશ્વ પર આવી પડેલ અમંગલકારી મહામારી-આપત્તીના અશુભ પુદગલોનો ક્ષય કરી, શુભ મંગલમય બનાવી, અશાતાને શાતામાં ફેરવી શકે એવી જબરજસ્ત તાકાત આ સમુહ જાપમાં છે. આપણે સામુદાયીક પાપ ક્રિયાઓ જે પૂર્વે કરી છે તેને સામુદાયીક પુણ્યમાં ફેરવવાનો આ અમુલ્ય અવસર છે.



ગાંધીનગરમાં સતત વધતા કેસોની ઝપેટમાં ગ્રામ્ય વિસ્તાર પણ બાકાત રહ્યા નથી. તાજેતરમાં વાવોલ ગામ પંચાયત તરફથી અનિલસિંહ ગોલ તથા હેલ્થ વર્કર શ્રીમતિ પારૂલબેન સોનીના સહયોગથી શાંતિવન સોસાયટી વાવોલ ખાતે રહેતા તમામ રહીશોનું લેઝર ગન દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવ્યુ તેમજ વડીલો, નાના બાળકોનું વિશેષ કરીને ધ્યાન રાખવા અને બીન જરૂરી બહાર નહી નીકળવા અપીલ કરવામાં આવી જેમાં સોસાયટીના પ્રમુખ, મંત્રી તથા અન્ય હોદ્દેદારોએ સહયોગ આપ્યો હતો.



લોકડાઉનના પગલે શહેરની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક ખાતે બ્લડની અછત વર્તાઈ રહી છે ત્યારે ગતરોજ ત્રણ મહિલા દર્દીના આપરેશન હોવાથી હોસ્પિટલના ડૉક્ટર્સ અને સ્ટાફ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. જ્યારે હોસ્પિટલના કર્મચારીઓને પણ સ્વચ્છાએ રક્તદાન કરવા માટે તંત્ર દ્વારા અપીલ કરાઈ છે. ત્યારે શનિવારે શહેરની સેવાભાવી નાગરિકો દ્વારા રક્તદાન કરીને ૯ યુનિટ રક્ત એકત્ર કરાયું હતું. જેમાં સેક્ટર-૭/ડી ખાતે કન્ટેનમેન્ટ ઝોન હોવા છતાં શ્રદ્ધાદીપ બ્લડ બેંકના કર્મચારીને ઘરે બોલાવી રક્તદાન કર્યું હતું. તેવી જ રીતે સેક્ટર-૨૭ ખાતે રહેતા દુર્ગેશ પંચાલે શનિવારે પોતાના જન્મદિવસે રક્તદાન કર્યું હતું. અને મિત્રોને પણ પણ રક્તદાન માટે અપીલ કરતા ૫ યુનિટ રક્ત એકઠું થયું હતું. જ્યારે પનઘટ કલા કેન્દ્રના સંચાલક ભાવિન પટેલે પણ અન્ય મિત્રોને પ્રોત્સાહિત કરી ૩ યુનિટ રક્તદાન કરાવ્યું હતું. આ પ્રસંગે શ્રદ્ધાદીપ બ્લડ બેંક તરફથી શ્રી મહેન્દ્રભાઈ ગજ્જરે અભિનંદન સાથે તમામ રક્તદાતાઓનો આભાર માન્યો હતો.

# શહેરમાં ચાર નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર,તા.૧૬
લોકડાઉન વચ્ચે આંટા ફેરા મારતા અને કામ વિના ફરતા નાગરીકો પોલીસની ઝપટે ચડી ગયા હતા.સેકટર-૨૧ પોલીસે સેકટર-૨૫ ખાતે ડ્રોન કેમેરા સર્વેલન્સ કર્યું હતું. જેમાં સહકાર કોલોની ખાતે ત્રણ નાગરીકો વાતચીત કરતા નજરે પડ્યા હતા. જેને પગલે સે-૨૧ પોલીસે આશિફ સાબિરભાઈ શેખ, રણધીરસિંહ છત્રસિંહ ઝાલા, અને નારણભાઈ વાલજીભાઈ દેસાઈને પકડી પાડ્યા હતા. પોલીસે ત્રણેય શખ્સ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી હતી. જાયેર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન સે-૨૪ ઈન્દીરાનગર ખાતે એક શખ્સને પકડી પાડ્યો હતો. ભીખાભાઈ વેલજીભાઈ રાવળ નામના શખ્સ પાસેથી ૨૫૦ ગ્રામ સોપારી મળી આવી હતી. જે અંગે પુછતાછ કરતા શખ્સે સંતોષકારક જવાબ ન આપતા પોલીસ તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની તપાસ શરુ કરી છે.

# રેડીયોલોજી વિભાગના કર્મચારીઓ રાઉન્ડ ધ કલોક ફરજ બજાવી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૫૦ દિવસથી એક પણ રજા વિના રેડીયોલોજી વિભાગના કર્મચારીઓ સતત રાઉન્ડ ધ કલોક ફરજ બજાવી રહ્યા છે. હાલના સમયે કોવીડ વોર્ડ, કોવીડ ઓપીડી અને રેડીયોલોજી વિભાગમાં એકસ-રે, સીટીસ્કેન, ઓ.પી.જી. મેમોગ્રાફી, અને સોનોગ્રાફીની સુવિધા ઉપબ્ધ છે.




શહેરમાં કોરોનાએ કહેર મચાવતા પોઝીટીવ દર્દીઓનો આંક વધતો જાય છે. જેથી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા પણ સવિશેષ જોવા મળી રહી છે. તંત્ર દ્વારા કોરોનાને લઈ ઓપીડી અને વોર્ડ તૈયાર કરાયા છે. ત્યારે કોરોનામાં એકસ-રે નું ખાસ મહત્વ રહેલું છે. કોરોના પોઝીટીવ દર્દીનો છાતીનો એકસ-રે પાડવામાં આવે છે. આ છાતીના એકસ રે પાડવાથી દર્દીને કોરોના વાયરસનું સંક્રમણ ફેંફસામાં થયું છે કે નહી તે જાણી શકાય છે. જયારે ફેંફસા સંક્રમિત થયા હોય તો તે દર્દીના દરરોજ છાતીના એકસ-રે પાડવામાં આવે છે. જેથી ડોકટરને જાણ થાય કે દર્દીને ફેંફસામાં સંક્રમણ ઓછુ થયુ કે નહી તે મુજબ સારવાર કરી શકે છે.

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં રેડીયોલોજી વિભાગમાં ગણતરીના કર્મચારીઓમાં કામગીરી બમણી થઈ ગઈ છે. કોરોના વાયરસમાં એકસ રે નું ખાસ મહત્વ હોવાથી ઓપીડી અને વોર્ડ ખાતે એકસ-રે પડે તેવી વ્યવસ્થા એકસ-રે વિભાગના ઈન્ચાર્જ નિરવ મોઢ દ્વારા ગોઠવાઈ છે. ૬૦૦ બેડની હોસ્પિટલમાં નીચે કોવીડ ઓપીડીમાં આવતા દર્દીઓના એકસ-રે પાડવામાં આવે છે.જેમાં રોજના ૨૦ થી વધુ એકસ-રે પાડવામાં આવે છે. ઓપીડીમાં એકસ-રે પાડવાથી સસ્પેકેટેડ દર્દીઓને રેડીયોલોજી વિભાગ સુધી આવવુ ન પડે અને અન્ય દર્દીઓને કોરોનાથી ખતરો ના રહે. તે ઉપરાંત સાતમા અને આઠમા માળે પણ આઈસોલેશન વોર્ડમાં પોર્ટેબલ એકસ-રે (બેડ સાઈટ)પાડવામાં આવી રહ્યા છે. જયાં પહેલા રોજના ૧૫ જેટલા એકસ-રે પાડવામાં આવતા હતા, પરંતુ સમય જતા દર્દીઓની સંખ્યામાં ધરખમ વધારો થતા ૩૦ થી વધુ એકસ-રે દર્દીઓના પડે છે. કોરોના વોર્ડમાં જઈને એકસ-રે કામગીરી કરવી અઘરી સાબિત થઈ શકે છે. કારણ કે કોરોના સંક્રમિત દર્દીનો ચેપ લાગવાની સંભાવના રહે છે, કેમ કે ટેકનીશીયન દર્દીના સીધા સંપર્કમાં આવે છે અને બીજુ રેડીયેશનનું જોખમ રહેલુ હોય છે. કેમ કે આઈસોલેશન વોર્ડમાં દર્દીના બેડ પાસે જઈને એકસ-રે પાડવાના હોય છે. ત્યારે રેડીયોલોજી વિભાગની એકસ-રે ટેકનીશીયનની ટીમ કોરોના વોરીયર્સ તરીકે સતત કામગીરી કરી રહી છે. જેમાં એકસ-રે વિભાગના ઈન્ચાર્જ નિરવ મોઢ, દિક્ષિત પરમાર, કુલદીપ પરમાર, પ્રિયા જોશી, ભુમિકા સુથાર, સપના પટેલ, પાર્થ સોલંકી, જીતુ વાઘેલા, રાહુલ ખરાડી, રવિ ડામોરનો સમાવેશ થાય છે.



વૈશ્વિક મહામારીને કાબુમાં લાવવા માટે સરકાર બનતા તમામ પ્રયાસો કરી રહી છે. ઘરે ઘરે જઈને સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. આરોગ્યકર્મીઓ શહેરના એકે એક ઘરે પરીને ઘરના સભ્યોની નોંધણી કરી રહ્યા છે. તાવ-ખાંસી કે શરદીની ફરીયાદ હોય તેવા દર્દીઓને દવાખાનામાં રીફર કરવામાં આવી રહ્યા છે.



બાળકોમાં અદ્ભૂત સર્જનાત્મક શક્તિ રહેલી છે. મોકો મળતા જ તે ખીલવા માંડે છે. હાલમાં વૈશ્વિક મહામારીના કારણે બાળકોને ખુબ લાંબુ વેકેશન મળ્યુ છે. આ ફુરસદના સમયગાળાનો બાળકો ખૂબ જ અવનવી રીતે ઉપયોગ કરી રહ્યા છે. ધો. ૬ માં અભ્યાસ કરતા સોહમ રાકેશભાઈ પરમારે ૧૧ વર્ષની વયે ખુબ જ સુંદર ચિત્ર બનાવ્યુ છે અને કોરોનાથી બચવા અપીલ કરી છે.

## ગાંધીનગરમાં સ્વદેશી અપનાવી આત્મનિર્ભર બનવા

# સોશિયલ મીડિયા પર માર્ગદર્શન કરતાં વૉટ્સએપ મેસેજની ભરમાર

**બજારમાં મળતી બ્રાન્ડ્સમાં કઈ સ્વદેશી અને કઈ વિદેશી તે અંગે નાગરિકોને જાગૃત કરતાં લિસ્ટ વાઇરલ થઈ રહ્યા છે : કેટલીક પ્રોડક્ટસ નામથી સ્વદેશી લાગે પરંતુ હોય છે વિદેશી**

ગાંધીનગર તા. ૧૬
ગત મંગળવારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના દેશવ્યાપી સંબોધનમા લોકડાઉનને કારણે રાષ્ટ્રને થયેલા આર્થિક નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરવા સાથે સમગ્ર અર્થતંત્રને બેઠું કરવા ''વોકલ ફોર લોકલ''નો મંત્ર આપવા સાથે ''આત્મનિર્ભર ભારત અભિયાન''ની ઘોષણા કરી હતી. આ અભિયાન અંતર્ગત તેમણે દેશવાસીઓને સ્વદેશી અને સ્થાનિક ઉત્પાદનોનો વપરાશ વધુ કરવા પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાનની આ હાકલ સાથે જ દેશભરમાં અને ગાંધીનગરમાં પણ નાગરિકોએ સ્વદેશી બનાવટો અને વિદેશી બનાવટો અંગે જાણકારી આપતા સંદેશા સોશિયલ મીડિયા પર વહેતા કરવા માંડ્યા છે જે સાથે ફરી એકવાર દેશમાં સ્વદેશી આંદોલન છેડાઈ ગયું હોય તેવો માહોલ ધીમે ધીમે સર્જાઈ રહ્યો છે.

ભારતની સ્વતંત્રતાની લડતમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સ્વદેશી આંદોલન છેડીને વિદેશી ઉત્પાદનોનો બહિષ્કાર કરાવ્યો હતો જેના પગલે દેશભરના છેવાડાના નાગરિકો આર્થિક રીતે વધુ ઉન્નત થવા સાથે તેમનામા રાષ્ટ્રવાદનો સંચાર વધ્યો હતો. ફરી એકવાર ભારતમાં એ સ્થિતિ સર્જાવા જઈ રહી છે જેમાં આ વખતે નરેન્દ્ર મોદીએ કોરોના કટોકટીના કારણે દેશના અર્થતંત્રની તૂટેલી કમરને સ્વદેશી અપનાવવાની હાકલ સાથે ફરી મજબૂત કરવા તરફ કદમ માંડ્યા છે. ગાંધીનગરમાં જ્યારથી વડાપ્રધાને સ્વદેશી અને




સ્થાનિક ઉત્પાદનો અપનાવવા હાકલ કરી છે ત્યારથી નાગરિકો આ બાબતે ગંભીર બની રહ્યા છે અને બજારમાં ઉપલબ્ધ ઉત્પાદનોમાં કઈ બ્રાન્ડ સ્વદેશી અને કઈ વિદેશ છે તેનું વર્ગીકરણ સોશિયલ મીડિયા પર એકબીજાને શેર કરી રહ્યા છે. ગ્લોબલાઈઝેશનના આ યુગમાં દેશના બજારોમાં અનેક પ્રોડક્ટસ એવી પણ મળી રહી છે જેના નામ પરથી તે નાગરિકોને સ્વદેશી હોવાનો એહસાસ થાય છે, વળી, તેની જાહેરાતો પણ એવી રીતે કરવામાં આવે છે કે તે પ્રોડક્ટ આપના દેશની કંપની જ બનાવટી હોય જેના કારણે ગ્રાહકો અવઢવમાં મુકાઈ જતાં હોય છે. બીજી તરફ કેટલીક સ્વદેશી પ્રોડક્ટસ પણ તેના નામ પરથી વિદેશી હોવાનો ભાસ થતો હોય છે. આ સ્થિતિમાં ગ્રાહકોને ખબર પડે કે કઈ બ્રાન્ડ ખરેખર સ્વદેશી છે અને કઈ વિદેશી તે માટે દરેક ઉત્પાદનમાં બ્રાન્ડના લિસ્ટ સાથે સ્વદેશી-વિદેશીનો તફાવત સમજાવતા મેસેજ અત્યારે શહેરમાં ખૂબ વાઈરલ થઈ રહ્યા છે જેમાં અનેક સંસ્થાઓ અને સ્વદેશી માટેના આંદોલન વગેરે રસ લઈને આ કાર્ય કરી રહ્યા છે. આ મેસેજિસમાં સવારની ટૂથપેસ્ટથી માંડીને ચા, શેવિંગ ક્રીમ, કોસ્મેટિકસ, ટોનિક પાવડર, હેર પ્રોડક્ટ, ખાદ્ય પ્રોડક્ટ, ટેલકમ પાવડર, દવાઓ, પ્રોવિઝનલ ચીજવસ્તુઓ, બ્યુટી પ્રોડક્ટસ, વોશિંગ પ્રોડક્ટસ, ઠંડા પીણાં વગેરે અનેક ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

# ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ વાઈસ ચાન્સેલર બન્યા જગદીશ ભાવસાર

અમદાવાદ,તા.૧૬
ગુજરાતની સૌથી મોટી યુનિવર્સિટી ગુજરાત યુનિવર્સિટીમાં ચાન્સેલર તરીકે ચાર્જ સંભાળી રહેલા હિમાંશુ પંડ્યાનો ૩ વર્ષનો કાર્યકાળ આજે પૂરો થઈ રહ્યો છે. ત્યારે રાજ્યના શિક્ષણ વિભાગે યુનિવર્સિટીના પ્રો-વાઈસ ચાન્સેલર જગદીશ ભાવસારને ઈન્ચાર્જ તરીકે મૂક્યા છે. આ અગાઉ તેમને પાછલા વર્ષે પ્રો-વાઈસ ચાન્સેલર બનાવવામાં આવ્યા હતા.

જ્યાં સુધી નવા ચાન્સેલરની નિમણૂક નહીં થાય ત્યાં સુધી જગદીશ ભાવસાર કાર્યભાર સંભાળશે.

તેઓ શિક્ષણના ક્ષેત્ર સાથે જોડાયેલા છે. તેઓ કેજીથી લઈને પીજી સુધીના શિક્ષણ સાથે સંકળાયેલા છે. છેલ્લા ૨૫ વર્ષથી તેઓ ભારતીય જનતા પાર્ટી સાથે પણ જોડાયેલા છે.

## ચિરવિદાય

● સ્વ. મંગુબેન રેવાભાઈ પરમાર ઉ.વ. ૭૪